સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી માટે ગ્રામ પંચાયતો વચ્ચે સ્પર્ધા તથા ગ્રાન્ટ ફાળવણીના ધોરણોમાં સુધારો કરવા બાબત

## ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરબીએન/૧૦૨૦૧૬/૧૨૬૭(૭૭૦૮૮૦)/લ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૬/૨/૨૦૧૭

**પ્રસ્તાવના -**

ગ્રામીણ વિકાસની વિવિધ સામૂહિક અને કલ્યાણકારી યોજનાઓના અમલ દ્વારા ગુજરાત રાજ્ય "સ્વરાજ્યથી સુરાજ્ય" તરફ પ્રયાણ કરી રહ્યુ છે. ગ્રામ પંચાયતો આયોજનપૂર્વક વ્યવસ્થિત રીતે સ્વશાસન દ્વારા વધુ વ્યકિતગત વિકાસ તથા સામુહિક વિકાસના કાર્યક્રમોથી પોતાની ફરજો અને જવાબદારીઓ અદા કરે અને પોતાની આકાંક્ષાઓ મુજબ સામાજિક, માનવ, આર્થિક અને વ્યકિતલક્ષી અને સામુહિક વિકાસ કરવા સુયોજીત આયોજન કરી ચોક્કસ લક્ષ અને દીર્ધદ્રષ્ટીથી કાર્ય કરે અને નાગરિકોની સુવિધામાં વધારો કરવા કટીબદ્ધ બને તે માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થાય અને અંતતઃ ગામડાઓ સમૃદ્ધ અને સ્માર્ટ બને ગામડાઓથી શહેર તરફનું પ્રયાણ અટકે તે હેતુથી સ્માર્ટ વિલેજ સ્પર્ધા અને આ સબંધે ગ્રામ પંચાયતો તે ગ્રાન્ટ ફાળવણી કરવાની સ્માર્ટ વિલેજ યોજના રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનાના તા.૩/૫/૨૦૧૬ ના મૂળ ઠરાવ ક્રમાંક – આરબીઅને/૧૦૨૦૧૬/૧૯૦(૧૦૫૮૬૧)/લ માં પેરા ક્રમાંક- ૪.૨ હેઠળ બનાવવામાં આવેલ રાજયસ્તરની પસંદગી સમીતીની બેઠક તા.૧૫/૧૧/૨૦૧૬ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ હતી. આ બેઠકમાં માન.મુખ્યમંત્રીશ્રી ધ્વારા પ્રસ્તુત યોજનામાં કરવાપાત્ર સુધારાઓ કરવા માટે સૂચન કરેલ. જેના અનુસંધાને વિ.ક.શ્રીની કચેરી મારફતે આ બેઠકની કાર્યાવાહી નોંધની વિગતો મુજબના સુધારાઓ / ફેરફારો કરવા માટેની દરખાસ્ત વિભાગને મોકલી આપેલ છે. સ્માર્ટ વિલેજ યોજનામાં આ સુધારાઓ / ફેરફારો કરવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે.

**સુધારા ઠરાવ-**

પુખ્ત વિચારણાના અંતે સ્માર્ટ વિલેજ યોજનાના મૂળ ઠરાવમાં નીચે જણાવ્યચા મુજબના ફેરફાર/સુધારાઓ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. હવેથી આ યોજનામાં કરવામાં આવેલ આ ફેરફારો / સુધારાઓ મુજબનો અમલ કરવાનો રહેશે.

(૨) પેરા નં.– ૨.૧.(૪)માં પ્રથમ તબકકામાં તમામ તાલુકા મથકના ગામો જ્યાં ગ્રામ પંચાયત છે તેનો સમાવેશ પસંદગી પ્રક્રિયાના બીજા તબક્કામાં સીધા કરવામાં આવશે – તેમ દર્શાવેલ છે . તેની જ્ગ્યાએ હવે પછી તાલુકા મથકની પસંદગી જ્યાં ગ્રામ પંચાયત છે તે ગામોનું પણ મૂલ્યાંકન કર્યા બાદ જીલ્લા તજજ્ઞ સમિતિ મારફત સમાવેશ કરવા દરખાસ્ત કરવાની રહેશે .

(૧) પેરા નં.– (૨.૨.) :– પસંદગી પ્રક્રિયા – પસંદગીના ધોરણો વધુ સ્પષ્ટ કરવા માટે તબકકા–૧, ૨ માં જિલ્લા કક્ષાની પસંદગી સમીતીમાં એનેક્ષર–૨ માં દર્શાવેલ નિયત માપદંડોમાં ગ્રામ પંચાયતને મૂકવામાં આવતા ગુણનું ધારાધોરણ નકકી કરવામા આવેલ છે. જેમાં ન્યુનતમ ગુણનું ધોરણ ૫૦ રાખવાનું રહેશે.

આ ઉપરાંત એનેક્ષર–૨ના અનુક્રમ નં.(૫) વિશિષ્ટ સિધ્ધિમાં દર્શાવેલ વિગતમાં અન્ય વિગતમાં – ૮. દૂધ ઉત્પાદક સહકારી મંડળી ધરાવતા ગામને ૧ ગુણ આપવાનુ ધોરણ ઉમેરવામાં આવે છે તે મુજબ આ વિશિષ્ટ સિધ્ધિ ધરાવતા ગામોને ૧ ગુણ આપવાનો રહેશે. (આ વિગત મુજબનું સુધારેલ એનેક્ષર–૧ અને ૨ સાથે સામેલ છે.)

(૩) પેરા નં.–૩ :– ગ્રાન્ટ ફાળવણી :

પેરા નં.૩ મુજબ ગામની વસ્તી, વિસ્તાર તેમજ ગ્રાન્ટ ફાળવણી પ્રથમ તબકકામાં ૫૦% રકમ, બાકીની રકમ ગ્રાન્ટના ૫૦% ફાળવવાની જોગવાઈ તેમજ પ્લાન મુજબ મંજૂર થયેલા કામો પાછળ થયેલ ખર્ચ પ્રમાણે ગ્રાંટ ફાળવણી કરવાની જોગવાઈ છે. તેના બદલે આ યોજના હેઠળના કામો હવેથી ત્રણ વર્ષના બદલે એક વર્ષના સમયગાળાના ફરજીયાત લક્ષ્યાંકો પૂર્ણ કરવાના રહેશે. ત્યાર બાદ જ સંપૂર્ણ ગ્રાન્ટ મૂળ ઠરાવમાં જણાવ્યા મુજબ વસ્તી તથા વિસ્તાર પ્રમાણે મળવાપાત્ર ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

(૪) પેરા નં.(૪.૧.) :–

જિલ્લા સ્તરની પસંદગી સમિતિ :– હાલની જિલ્લા સ્તરની પસંદગી સમીતીમાં સભ્યોની પસંદગી કરવા અર્થે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પુન: ગઠન કરવા માટે નીચેની બાબતે તકેદારી રાખશે અને તે મુજબ સભ્યોની નિમણૂંક કરશે.

(૧) કોઈ સરકારી અધિકારી સભ્ય ન હોવો જોઈએ

(૨) કોઈ સ્વૈચ્છિક સંસ્થા કે સામાજિક કાર્યકર / આગેવાનનો સમાવેશ કમીટીમાં થવો ન જોઈએ.

તજજ્ઞ સમીતીમાં હોદ્દા આધારીત તજજ્ઞો / વ્યકિતઓનો સમાવેશ કરવો જેમાં,

(૧) શિક્ષણ ક્ષેત્રની સંસ્થાના ડીન કે એચ.ઓ.ડી. **(H.O.D.)**

(૨) ઇન્ફ્રાસ્ટ્રકચર માટે એન્જિનિયરીંગ કોલેજ / સેપ્ટ યુનિવર્સીટીના આયોજનક્ષેત્રના તજજ્ઞા / ડીન / એચ.ઓ.ડી. **(H.O.D.)**

(૩) આઈ.ટી. ક્ષેત્રના તજજ્ઞ

(૪) કૃષિ ક્ષેત્રના તજજ્ઞ, કૃષિ યુનિવર્સીટીના ડીન / એચ.ઓ.ડી. **(H.O.D.)**

<u>(૫) પેરા નં.(૫) :-</u> સ્માર્ટ વિલેજ બનાવવાના ફરજીયાત લક્ષ્યાંક :-

યોજનાના ઠરાવમાં (૧) થી (૧૬) લક્ષ્યાંક નકકી કરેલ છે. જેમાં નીચે જણાવ્યા મુજબના ફેરફાર કરવામા આવે છે. આ લક્ષ્યાંકો હવે નીચે મુજબના રહેશે.

(૧) ૧૦૦ ટકા રસીકરણ

(૨) ૦ ટકા ડ્રોપ આઉટ રેશીયો

(૩) ઓપન ડેફિકેશન ફ્રી વિલેજ

(૪) ૯૦ ટકા વેરા વસુલાત

(૫) ફરજીયાત ડોર ટુ ડોર ધન કચરા નિકાલ

(૬) ઇગ્રામ સેન્ટર ખાતે ATVT ની સેવાઓનું વિતરણ

(૭) છેલ્લા ગુણોત્સવમાં શાળાએ મેળવેલ ગ્રેડ કરતા એક ગ્રેડનો સુધારો કરવો દા.ત.સી-ગ્રેડમાંથી બી-ગ્રેડમાં શાળાને લઇ જવી.

(૮) ૧૦૦ ટકા વ્યક્તિગત શૌચાલય

(૯) કુપોષણ – કોઇ બાળક **"RED Zone"** માં હોવું ન જોઇએ

(૧૦) વર્ષમાં ચાર વખત ગ્રામ સભાનુ આયોજન કરવું

(૧૧) સરકારી સહાય સીધી લાભાર્થી ના ખાતામાં જમા કરવાની ૧૦૦ ટકા અમલવારી **(D.B.T.)**

(૧૨) આંગણવાડીમાં ૧૦૦ ટકા બાળકોની ભરતી

(૧૩) મહેસુલી / ગ્રામ પંચાયત રેકર્ડ અદ્યતન રાખવું

(૧૪) ગામના મુખ્ય રસ્તાઓ ઉપર વૃક્ષારોપણ

(૧૫) ૧૦૦ ટકા વાઇ-ફાઇ (Wi-Fi) વિલેજ

(૧૬) ગામના તમામ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ યોજનામાં ૧૦૦ ટકા આવરી લેવા

(૧૭) ગામના જાહેર સ્થળે હયાત લાઇટની (સ્ટ્રીટલાઇટ) ની જગ્યાએ એલ.ઇ.ડી. લાઇટની વ્યવસ્થા કરવી

<u>(૬) પેરા નં.(૬) :- વિઝન :-</u>

વિઝન તરીકે સૂચવેલ માર્ગદર્શક મુદ્દાઓમાં નીચેના મુદ્દાઓમાં ફેરફાર કરવામાં આવે છે.

(૬.૨.) માનવ વિકાસ :-

ગામમાં માત્ર શિક્ષણની માળખાકીય સુવિધા નહી પરંતુ ગુણવત્તા યુકત શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકારના શિક્ષણના ધોરણોમાં શાળાએ છેલ્લા ગુણોત્સવમાં મેળવેલ ગ્રેડ કરતા એક ગ્રેડનો સુધારો થવો જોઈએ દા.ત. 'ક' વર્ગની શાખા 'બ' વર્ગમાં અને 'બ' વર્ગની શાળા 'અ' વર્ગમાં જવી જોઈએ.

(૬.૩) આર્થિક ક્ષેત્ર :-

ગામના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ યોજનામાં ૧૦૦ ટકા આવરી લેવાય તેવા પ્રયત્નો કરવા અને તેને અનુરૂપ પોતાની ખેતીની પધ્ધતિમાં સુધારો લાવે તેવા પ્રયત્નો કરવા.

(૬.૪) સામુદાયિક સુવિધાઓ :- મૂળ ઠરાવમાં આ પેરા હેઠળ જણાવેલ આઠ મુદ્દાઓ ઉપરાંત નીચે જણાવેલ મુદ્દાનો પણ સમાવેશ કરવામાં આવે છે.

- ગામના જાહેર સ્થળે એલ.ઈ.ડી. લાઈટની વ્યવસ્થા હોય

<u>(૭) પેરા નં.(૭.૪) :- મૂલ્યાંકન :-</u>

સ્માર્ટ વિલેજ તરીકે પસંદગી થયા બાદ જિલ્લા અમલીકરણ સમીતી ધ્વારા સ્માર્ટ વિલેજવાર વાર્ષિક મૂલ્યાંકન એક વર્ષના અંતે કરવામાં આવશે. આ મૂલ્યાંકનના આધારે ગ્રામ પંચાયતો ધ્વારા કરવામાં આવેલ પર્ફોમન્શને ધ્યાને લઈ ગામને મળવાપાત્ર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

૭.૪.૧ :- એક વર્ષના અંતે દરેક સ્માર્ટ વિલેજ અભિલાષી ગામનું સર્વગ્રાહી મૂલ્યાંકન કોઈ સંસ્થા, એજન્સી કે થર્ડ પાર્ટી ધ્વારા કરાવવાનું રહેશે. મૂલ્યાંકન માટેની સંસ્થા નકકી કરવાની કાર્યવાહી વિકાસ કમિશનરશ્રી ધ્વારા હાથ ધરવાની રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭/૧/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનીષ મોદી)
નાયબ સચિવ
પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી / સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નર વ. સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હીસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સારુ
- સિલેક્ટ ફાઇલ.

## એનેક્ષર:- (૧)

### અરજી ફોર્મ (પરિશિષ્ટ-અ)

| ક્રમ | વિગત | | માહિતી |
|---|---|---|---|
| ૧ | ગ્રામ પંચાયતનું નામ | | |
| ૨ | તાલુકાનું નામ | | |
| ૩ | જિલ્લાનું નામ | | |
| ૪ | પછાત તાલુકા પૈકી નું ગામ હોય તો વિગત | | |
| ૫ | કુલ વસ્તી (૨૦૧૧ વસ્તી ગણતરી મુજબ) | | |
| | | પુરૂષ | |
| | | સ્ત્રી | |
| | | કુલ | |
| | | અનુસુચિત જાતી | |
| | | અનુસુચિત જન જાતી | |
| | | અન્ય | |
| ૬ | કુલ કુટુંબોની સંખ્યા | | |
| ૭ | સાક્ષરતા દર | | |
| | | પુરૂષ | |
| | | સ્ત્રી | |
| ૮ | કુલ પ્રાથમિક શાળા | | |
| ૯ | કુલ આંગણવાડી | | |
| ૧૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | |
| ૧૧ | ગ્રામ પંચાયતના કુલ સભ્યો (સદસ્યો સહિત) | | |
| ૧૨ | સરપંચનું નામ :- | | |
| ૧૩ | સામાજિક ન્યાય સમિતિના ચેરમેનનું નામ:- | | |

સરપંચશ્રીની સહી

તલાટી કમ મંત્રીની સહી

ગ્રામ પંચાયતનું રાઉન્ડ સીલ

# પરિશિષ્ટ-બ

સ્પર્ધામાં ભાગ લેવા ગ્રામપંચાયતે નીચે મુજબના ધારા ધોરણોને ધ્યાને રાખીને વિગતો આધાર પુરાવા સહિત રજુ કરવાની રહેશે.

..................................................................................................................................

**૧. શિક્ષણ**

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | શાળા પ્રવેશ દર | |
| | ગત વર્ષ નો પ્રવેશ દર | |
| | ચાલુ વર્ષનો પ્રવેશ દર | |
| ૨ | ડ્રોપ આઉટ પ્રમાણ | |
| | ગત વર્ષનો ડ્રોપ આઉટ | |
| | ચાલુ વર્ષનો ડ્રોપ આઉટ | |
| 3 | શિક્ષણ ગુણવત્તા સુધારણા આંક (A, B, C, D) | |

**૨. આરોગ્ય**

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | જન્મ નોંધણી ની ટકાવારી | |
| ૨ | મરણ નોંધણી ની ટકાવારી | |
| ૩ | રસીકરણ ની ટકાવારી (૧૧ મહિનાથી ૨૩ મહિનાના બાળકો) | |
| ૪ | ઇન્ફન્ટ બાળ મૃત્યુદર ની ટકાવારી | |
| ૫ | માતા મૃત્યુદર ની ટકાવારી | |
| ૬ | સંસ્થાકીય પ્રસુતિ ની ટકાવારી . | |
| ૭ | સ્ત્રી – પુરૂષ પ્રમાણ ( √ ) કરવી | |
| | દર ૧000 પુરૂષે ૯૭૫ કે તેથી વધુ સ્ત્રીઓ | |
| | દર ૧000 પુરૂષે ૯૨૫ કે ૯૫0 ની વચ્ચે | |
| | દર ૧000 પુરૂષે ૯૨૫થી ઓછી | |

૩. સ્વચ્છતા

| | વિગત | માંહિતી |
|---|---|---|
| ૧ | ૧૦૦% વ્યક્તિગત શૌચાલયની કામગીરી | |
| | કુલ ઘર | |
| | વ્યક્તિગત શૌચાલય ધરાવતા ઘર | |
| ૨ | શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા ( બે વાક્યમાં લખવું ) | |
| | | |
| ૩ | જાહેર સ્થળોની સ્વચ્છતા (હાલની વ્યવસ્થા બે વાક્યમાં ) | |
| | | |
| ૪ | ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલની વ્યવસ્થા | |
| | કુલ ઘર | |
| | આવરી લેવાયેલ ઘર | |
| ૫ | સ્પર્ધા ના સમયગાળા દરમ્યાન ગામમાં કોઇ રોગચાળાનો બનાવ બનેલ છે ? ( હા કે ના ) | |

૪. પંચાયત

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | પંચાયત વેરો | |
| | ગત વર્ષની વસુલાત | |
| | ચાલુ વર્ષની વસુલાત | |
| ૨ | એરિયા બેઝ આકારણી લાગુ કરી છે ? ( હા કે ના ) | |
| ૩ | છેલ્લી ગ્રામસભામાં હાજરીની ટકાવારી | |
| ૪ | છેલ્લી ગ્રામસભામાં મહીલા હાજરીની ટકાવારી | |
| ૫ | ઇ-ગ્રામ મારફતે સુવિધાઓ | |
| | | |
| | | |
| | | |
| ૬ | છેલ્લા વર્ષમાં ગ્રામ પંચાયતની મળેલ બેઠકની સંખ્યા | |

૫. વિશિષ્ટ સિદ્ધી

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | મળેલ પુરસ્કારો ( √ ) કરવી | |
| | સમરસ | |
| | નિર્મળ ગામ પુરસ્કાર | |
| | પાવન ગામ | |
| | તીર્થગામ | |
| | ૧૦૦ ટકા બેન્ક ખાતા | |
| | ગૌરવ ગ્રામ સભા એવોર્ડ | |
| | શ્રેષ્ઠ ગ્રામ પંચાયત એવોર્ડ | |
| | અન્ય એવોર્ડ | |
| | દૂધ ઉત્પાદક સહકારી મંડળી | |
| | અન્ય વિગતોઃ-- | |

૬. કેન્દ્ર સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓની વિગતો

| ક્રમ | યોજનાનું નામ | માહિતી |
|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના | |
| ૨ | પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના | |
| 3 | અટલ પેન્શન યોજના | |
| ૪ | સુકન્યા સમૃધ્ધી યોજના | |

સરપંચશ્રીની સહી તલાટી કમ મંત્રીની સહી

## ઠરાવનો નમૂનો (પરિશિષ્ટ-ક)

ઠરાવ નંબર-

ગ્રામપંચાયત ને સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ચાલુ વર્ષ --------------- ની સ્માર્ટ વિલેજ સ્પર્ધામાં ભાગ લેવા અંગે નિયત અરજી ફોર્મની વિગતો વંચાણે લેવામાં આવી. જે અંગે ચર્ચા વિચારણા કરી તમામ ધારણો પૂર્ણ કરતી હોઇ દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારીશ્રી ને મોકલી આપવાનું તેમજ આ માટે ગામની પસંદગી થયે

મળનાર ગ્રાન્ટ માંથી કરવામાં આવેલ કામો અને પ્રાપ્ત કરેલ સંપત્તિની જાળવણી કરવા , પુરતી નાણાંકીય અને અન્ય બાબતોની વ્યવસ્થા કરવા ગ્રામ પંચાયત સંમત છે. તે અંગેની બાંહેધરી આપવા આથી ઠરાવવામાં આવે છે.

.............................. ..............................

# એનેક્ષર- ૨- સ્માર્ટ વિલેજ પસંદગીના ધોરણો

| ક્રમ | ક્ષેત્ર | વિગત | માર્કસ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ | ૧. શાળા પ્રવેશદર સુધારા - (3)<br>૨. ગામનો સાક્ષરતા દર - (૨)<br>૩. સ્ત્રી સાક્ષરતા દર - (૨)<br>૪. શિક્ષણ ગુણવત્તા સુધારણા આંક - (3) | ૧૦ |
| ૨ | આરોગ્ય | ૧.જન્મ નોંધણી-૧૦૦ ટકા હોય તો - (૧)<br>૨. મરણ નોંધણી-૧૦૦ ટકા હોય તો - (૧)<br>૩. ઇન્ફન્ટ બાળ મૃત્યુદર (જો દર ૧૦૦૦ એ ૧૦ હોય તો)<br>૪. માતા મૃત્યુદર (જો દર ૧૦૦૦ એ ૧૦૦ હોય તો)<br>૫. સંસ્થાકીય પ્રસુતિ - (૫)<br>૬. સ્ત્રી પુરૂષ પ્રમાણ - (3) | ૧૦ |
| ૩ | સ્વચ્છતા | ૧.૧૦૦ ટકા વ્યકિતગત શૌચાલયની કામગીરી - (૫)<br>૨. શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા - (૧)<br>૩. જાહેરસ્થળોની સ્વચ્છતા - (૨)<br>૪. ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલની વ્યવસ્થા -(૫)<br>૫. સ્પર્ધાના સમયગાળા દરમ્યાન કોઇ રોગચાળાનો બનાવ બનેલ ન હોય - (૨) | ૧૫ |
| ૪ | પંચાયત | ૧. પંચાયતે હાલના વેરા ઉપરાંત વધારાનો વેરા જેવા કે મહેસૂલી વેરા (ખેતી, બીનખેતી અને શિક્ષણ ઉપકર) વસુલેલ હોય અને તેની વસુલાત ૭૫ ટકા કરતાં વધુ હોય તો - (૮)<br>૨. ગ્રામ પંચાયતે અદ્યતન આકારણી લાગુ કરી છે કે કેમ?- (3)<br>૩. ગ્રામસભામાં હાજરીની ટકાવારી અને મહિલા ભાગીદારી - (૫)<br>૪. ઇ-ગ્રામ મારફતે સુવિધાઓ જેવી કે ROR, વીજ બીલ કલેકશન વિગેરે - (૫)<br>૫. ગ્રામ પંચાયતની નિયમિત મિટીંગ - (૪) | ૨૫ |
| ૫ | વિશિષ્ટ સિધ્ધિ | ૧.સમરસ - (3)<br>૨. નિર્મળ ગ્રામ પુરસ્કાર - (3)<br>૩. પાવન ગામ / તીર્થગ્રામ - (૨)<br>૪. ૧૦૦ ટકા બેંક ખાતા - (૨)<br>૫. ગૌરવ ગ્રામસભા એવોર્ડ - (3)<br>૬. શ્રેષ્ઠ ગ્રામ પંચાયત એવોર્ડ - (3)<br>૭. અન્ય એવોર્ડ - (૨)<br>૮. દૂધ ઉત્પાદક સહકારી મંડળી - (૧)<br>૯. અન્ય વિગત - (૧) | ૨૦ |
| ૬ | કેન્દ્ર સરકારની યોજનાઓ | | ૫ |
| ૭ | કમિટીના માર્કસ | | ૧૫ |